| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | : | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૧૧/૦૫/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

==========================================

# જુનાગઢનાં મહેરબાન સેશન્સ જજશ્રીની અદાલતમાં,
# મુંઃ જુનાગઢ

==========================================

**<u>ક્રિમિનલ અપીલ નંબર :– ૪૩/ ૨૦૨૬</u>**

**આંક –**

**અરજદાર :–**

**શોએબ હાસમભાઈ જાગા**
**ઉ.વ.આ.૩૯, ધંધો–ડ્રાઈવીંગ,**
**રહે. બ્લોક નં. ૧૨, હાઉસીંગ સોસાયટી,**
**બસ સ્ટેશન પાસે,**
**માંગરોળ ::::::::::::::::::::::::::::::::::::::::::::::: <u>–વિવાદી</u>**
**<u>(મુળ આરોપી)</u>**

**<u>વિ રુ ધ્ધ</u>**

**સામાવાળા :–**
**(૧) ગુજરાત સરકાર વતી એ.પી.પી.શ્રી જુનાગઢ**

**(૨) શ્રીરામ ફાયનાન્સ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી.**
રહે. મેરી ગોલ્ડ કોમ્પલેક્ષ, બહાઉદીન કોલેજ સામે,
જુનાગઢ. :::::::::::::::::::::::::::::::::::::::::::::–**<u>પ્રતિવિવાદી</u>**
**(મુળ ફરીયાદી)**

**અપીલ : ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૪ મુજબ ફોજદારી કેસ નં.૩૪૧૨/૨૦૨૨ ના કામે તા. ૨૩–૦૨–૨૦૨૬ ના રોજ થયેલ સજાના હુકમ સામે અપીલ**

વિવાદી તરફે વિ. વકીલ શ્રી એ.એમ.મકરાણી
સામાવાળા નં.૧/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી વી.જી.દોંગા
સામાવાળા નં.૨/મુળ ફરીયાદી તરફે વિ. વકીલ શ્રી પી.એમ.બાબરીયા

## :: ઠ રા વ ::

**(૧)** આ કામમાં સરળતા ખાતર પક્ષકારોને મુળ કેસમાં જે રીતે ફરીયાદી કે આરોપી હતાં તે રીતે ઉલ્લેખવામાં આવેલ છે.

**(૨) ફરીયાદપક્ષની હકીકત :–**

ફરીયાદની હકીકત નીચે મુજબ છે.

''**૨.૧** અમો ફરીયાદી શ્રીરામ ફાયનાન્સ લી. તે ધીરાણ આપતી કાયદા મુજબ રેકોગ્નાઈઝડ થયેલ રજી. સંસ્થા છે તથા તેનું કાર્યક્ષેત્ર ભારતભરમાં છે અને ઉપરોકત સરનામે જુનાગઢ વિસ્તારની બ્રાંન્ચ ઓફિસ આવેલ છે અને સદરહું બ્રાંન્ચ ધીરાણ મેળવવા ઈચ્છતા લોકોને કંપનીના નિયમો અને શરતોને આધીન દરેક પ્રકારના વાહનો ખરીદવા માટે ધીરાણ પુરુ પાડવાની તથા આપેલ ધીરાણની રીકવરી કરવાની કામગીરી કરે છે. જુનાગઢ બ્રાંન્ચના ઓથોરાઈઝડ ઓફિસરને સદરહું કંપની વતી કંપનીના કલાયન્ટ સામે કાયદાકીય પગલા ભરવાના પાવર સદરહું કંપનીએ કુલમુખત્યારનામાથી આપેલ છે અને તે રૂએ આ ફરીયાદ અરજીમાં અમોએ ફરીયાદીની હેસીયતથી સહી કરેલ છે.

**૨.૨** આ કામના આરોપીને TATA LPT 1613 TURBO FBT ની ખરીદી કરવી હોય આરોપીએ અમો ફરીયાદીનો સંપર્ક કરેલ. આરોપીને લોનની જરુરીયાત હોય, આરોપીએ અમારી પાસે લોન મેળવવા પ્રપોઝલ મુકેલ હતી. ત્યારબાદ આરોપીને કંપનીના નીતિ–નિયમો અને શરતોની સમજ આપતા આરોપી સદરહું શરતો કબુલ મંજુર રાખી લોન મેળવવા માંગતા હોય, આરોપીએ અમારા પાસેથી તા. ૦૯–૦૩–૨૦૧૬ ના રોજ લોન કોન્ટ્રાકટ નં.JUNAGO603080008થી સદરહું વાહનની ખરીદી કરવા રૂા. ૬,૭૫,૦૦૦/– ની લોન લીધેલ હતી.

**૨.૩** આરોપીએ તેમની ઉપરોકત વિગતેની લોનના અમારા કાયદેસરના લેણા પેટે આપેલ ચેક નં. ૨૦૧૨૯૩, તા. ૦૫–૦૩–૨૦૨૨ નો રૂા. ૩,૪૨,૬૨૪/–અંકે રૂપીયા ત્રણ લાખ

બેતાલીસ હજાર છસ્સો અને ચોવીસ પુરાનો ''સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા'' માંગરોળ શાખાનો તમારા ખાતાનો એક એ.સી. પેઈ ચેક લખી આપેલ હતો. સદરહું ચેક અમારા ખાતામાં ''આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક લી.'' જુનાગઢ શાખામાં જમા કરાવેલ હતો પરંતુ, સદરહું ચેક ''એકાઉન્ટ બ્લોક'' ના શેરા સાથે તા. ૦૮–૦૩–૨૦૨૨ ના રોજ રીટર્ન મેમો સાથે પરત ફરેલ. સદરહું ચેક રીટર્ન થયાની જાણ અમારી બેંકે અમોને તા. ૦૮–૦૩–૨૨ ના રોજ કરેલ.

**૨.૪** આરોપીએ આપેલ ઉપરોકત વિગત વાળો ચેક રીટર્ન થતા અમોએ અમારા વકીલશ્રી મારફત તા. ૧૭–૦૩–૨૦૨૨ ના રોજની ધ નેગો. ઈન્સ્ટ્રુ. એકટની જોગવાઈ મુજબની રજી.એ.ડી.થી નોટિસ આ કામના આરોપીને આપેલ અને તાકીદ કરેલ કે સદરહું ચેકની રકમ અમોને સમય મર્યાદામાં ચુકવી અને પાકી પહોંચ મેળવી લેશો. સદરહું નોટિસ આ કામના આરોપીને રજી.એ.ડી.થી તા. ૧૯–૦૩–૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે. આમ છતાં આરોપીએ અમારા સદરહું ચેકમાં લખેલ લેણા રૂપીયા અમોને ચુકવેલ નથી કે કોઈ જવાબ આપેલ નથી જેથી હાલની ફરીયાદ દાખલ કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે.

**૨.૫** આરોપીએ સદરહું ચેક અમો ફરીયાદી કંપની ઓફિસે રૂબરૂ લખી અને સહી કરી આપેલ અને ખાત્રી અને વિશ્વાસ આપેલ કે ચેક બેંકમાં નાખશો એટલે તમને તમારા લેણાં રૂપીયા મળી જશે પરંતુ આરોપીએ આપેલ ચેક ચુકવાયા વગર બાઉન્સ થયેલ છે. આમ કરી આરોપીનો ઈરાદો અમોએ આરોપીને આપેલ લોનના લેણા રૂપીયા પરત ચુકવવાનો નથી તેમજ આમ કરી આરોપીએ ધ નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ–૧૩૮ મુજબનો સજાપાત્ર ગુનો કરેલ છે.

**૨.૬** અમો ફરીયાદીએ વાદવાળો ચેક ''આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક લી.'' જુનાગઢ શાખામાં અમારા ખાતા નં. ૨૩૦૦૧૦૨૦૦૦૦૫૨૬૫ માં ડીપોઝીટ કરાવેલ હતો તેમજ સદરહું આ કામની નોટિસ જુનાગઢ મુકામેથી આપવામાં આવેલ હોય, આ કામ ચલાવવા આપ નામ. કોર્ટને હકુમત છે તેમજ હાલની ફરીયાદ અમો સમય મર્યાદામાં દાખલ કરીએ છીએ. ઉપરોકત ખાતા નંબરથી ''આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક લી.'' જુનાગઢ શાખામાં અમારુ ખાતુ ચાલે છે.''

## (૩) ટ્રાયલ કોર્ટે હાથ ધરેલી પ્રક્રિયાઃ–

રેકર્ડ જોતાં વિ.ચોથા એડી. ચીફ યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી – જુનાગઢનાએ આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ હેઠળ ઊપર ચર્ચા કર્યા મુજબનાં ગુન્હાઓનો કોગ્નીઝન્સ લીધા બાદ સમન્સ કાઢયાનું અને ત્યારબાદ આરોપીને સી.આર.પી.સી. ની કલમ–૨૦૭ હેઠળ જરૂરી દસ્તાવેજોની નકલો પુરી પાડયાનું જણાય આવે છે અને આરોપીની પ્લી લીધા બાદ આરોપીએ ગુનો કબુલ ન કરતાં, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરેલી છે અને રેકર્ડ જોતાં નીચે મુજબનાં પુરાવા નીચેની અદાલતે રેકર્ડ કરેલાં છે.

**(૩.૧) મૌખિક પુરાવા :**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદી નિકુંજ વિઠ્ઠલભાઈ ગામી તે શ્રીરામ ફાયનાન્સ કંપની લી. વતી તેના ઓથોરાઈઝડ ઓફિસર તથા કુલમુખત્યાર ના પુરાવાનું સોગંદનામુ. | ૫ |

(૩.૨) <u>દસ્તાવેજી પુરાવોઃ–</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | આ કામના ફરીયાદીની કંપનીએ ફરીયાદી નિકુંજ વિઠ્ઠલભાઈ ગામી જોગ કરી આપેલ પાવર ઓફ એટર્ની | ૩૦ |
| (૨) | આરોપીએ ફરીયાદીને આપેલ વાદગ્રસ્ત ચેક નં.૨૦૧૨૯૩ | ૩૧ |
| (૩) | સદર ચેક પરત ફર્યાની જાણ કરતો આઈ.સી.આઈ.સી.આઈ.નો રીટર્ન મેમો | ૩૨ |
| (૪) | ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફત આપેલ નોટિસ | ૩૩ |
| (૫) | આરોપીને રજી. એ.ડી. પોસ્ટથી નોટિસ મોકલ્યાની વીન્ડો સ્લીપ | ૩૪ |
| (૬) | આરોપીને રજી. એ.ડી. પોસ્ટથી નોટિસ બજી ગયાની વીન્ડો સ્લીપ | ૩૫ |
| (૭) | આરોપીને નોટિસ બજી ગયાનો પોસ્ટલ ડિપાર્ટમેન્ટનો ટ્રેક રીપોર્ટ | ૩૬ |
| (૮) | આરોપીના લોન ખાતાનું સ્ટેટમેન્ટ | ૩૭ |

**(૩.૩)** રેકર્ડ જોતાં આરોપીનું વધારાનું નિવેદન સી.આર.પી.સી.ની ક.૩૧૩ હેઠળ નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ ફરીયાદીના વિ.વ.શ્રીની તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળ્યા બાદ ટ્રાયલ અદાલતે નીચે મુજબનો હુકમ કરેલ છે.

**" હુકમ ''**

''આ કામના આરોપી શોએબભાઇ હાસમભાઇ જાગા, ઠે. બ્લોક નં. ૨૧૨, હાઉસીંગ સોસાયટી, બસ સ્ટેશન પાસે, રહે. માંગરોળ, જિ. જુનાગઢનાઓને આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨) મુજબ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૩(એક) વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ એટલે કે, રૂા. ૩,૪૨,૬૨૪/- (અંકે રૂપીયા ત્રણ લાખ બેતાલીસ હજાર છસ્સો ચોવીસ પુરા) વળતર પેટે ચુકવવા હુકમ કરવામાં આવે છે.''

ઊપરોકત હુકમથી નારાજ થઈ આરોપી શોએબ હાસમભાઇ જાગાએ આર.પી.સી.ની કલમ-૩૭૪ હેઠળ અપીલ અદાલત રૂબરૂ અપીલ કરેલ છે.

**(૪) અપીલની હકિકતઃ -**

અપીલ મેમોમાં એપેલન્ટ/અરજદાર તરફે મુખ્યત્વે એવી હકિકત જણાવેલ છે કે,

''**૪.૧** નામદાર નીચેની અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૪૨(બી) માં જણાવેલ જોગવાઈનુ સાચુ અર્થઘટન નહી કરવામાં કાયદાના મુદા ઉપર ગંભીર ભુલ કરેલ છે.

**૪.૨** નીચેની નામદાર કોર્ટે મુળ ફરીયાદીએ પ્રસ્તુત અને એડમીશીએબલ કાયદાના પ્રબંધો મુજબના પુરાવાઓ ધ્વારા પુરવાર કરેલ હોવાનુ માનેલ હોય, નીચેની અદાલતનો વીવાદવાળો ઠરાવ કાયદાની ક્ષતીવાળો અને ભુલ ભરેલો હોય, જે રદ થવાને પાત્ર છે.

**૪.3** નીચેની નામદાર અદાલતમાં એપેલન્ટ વિરૂધ્ધ ચલાવાયેલ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮ મુજબ સમરી પ્રકારની છે અને બી.એન.એસ.એસ. કલમ ૩૬૫ તથા ૨૮૩ ના પ્રબંધો મુજબ ચલાવવાનો આદેશ છે, તે મુજબ એક જ જયુડી. મેજી. સાહેબે આ સમગ્ર કાર્યવાહી ચલાવેલ ન હોય, THUS RECORDING OF EVIDENCE BY ONE MAGISTRATE AND PASSING ORDER OR DELIVER THE JUDGEMENT BY THE OTHER NOT CURABLE IRRULERITY BUT IS AND IRGULARITY. કાયદાની મહત્વની ખામીને ધ્યાને લેતા પણ નીચેની નામદાર કોર્ટનો ચુકાદો રદ થવાને પાત્ર છે.

૪.૪ નીચેની નામદાર કોર્ટે ફરીયાદીની ઉલટ તપાસની હકીકતોને ધ્યાનમાં લઈ ફરીયાદીના કેસને પુરવાર માની કાયદાની ગંભીર ભુલ કરેલ છે.

૪.૫ આ કામમાં મુળ ફરીયાદી તે એક મંડળી છે અને મંડળી વતી ફરીયાદ કરવા માટે ઓથોરાઈઝડ પર્સનને કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સે ઠરાવ કરી ફરીયાદ કરવા અધીકાર આપેલા હોવા જોઈએ પરંતુ આ કામમાં મુળ ફરીયાદી એ આંક-૩૦ થી કુ.મુખ્યરનામુ રજુ કરેલ છે. જેથી આ કામના ફરીયાદીએ જે આંક-૩૦ થી કુ.મુખ્ત્યરનામુ રજુ કરેલ છે તે અધીકારીએ આપેલ છે, તે અધીકારીને મંડળી વતી આવી ઓથોરીટી આપવાની સતા છે કે કેમ તે હકીકત નામદાર નીચેની કોર્ટમાં ફરીયાદીએ પુરવાર કરેલ ન હોવા છતા અમો આરોપી પક્ષનો પુરાવો તેમજ રજુઆત ધ્યાને ન લઈ નામદાર નીચેની કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરેલી છે, અને ફરીયાદીને આવી ફરીયાદ કરવા માટે અધીકાર હોવાનુ માનવાને ન હોવા છતા નામદાર નીચેની કોર્ટેનો વીવાદીત સજાનો હુકમ રદ થવાને પાત્ર છે.

૪.૬ નામદાર નીચેની કોર્ટનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આંક-૫ થી આ કામના મુળ ફરીયાદી નીકુંજ વિકલભાઈ ગામી નુ સરપતાસનુ સોગંદનામુ રજુ થયેલ છે અને આ કામમાં અમો આરોપીના બચાવ પક્ષે મુળ ફરીયાદીની ઉલટ તપાસ કરવામા આવેલી છે, તે ઉલટતપાસ ધ્યાને લેવામા આવે તો ફરીયાદ પક્ષના આરોપી પક્ષનું લેણુ પુરવાર કરી શકેલા નથી, આમ છતાં નામદાર નીચેની કોર્ટે આ કામના મુળ ફરીયાદીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૧૮એ અને ૧૩૯ મુજબનો અનુમાનનો લાભ ફરીયાદીને આપેલ છે, જેથી નામદાર નીચેની કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરેલી હોય, જેથી નામદાર નીચેની કોર્ટ નો સજાનો વીવાદીત હુકમ રદ થવાને પાત્ર છે.

૪.૭ આ કામમા આરોપીએ ફરીયાદીને ચેક આપેલાનો પણ પુરાવો નથી, આ ચેકનુ એકઝીકયુશન પુરવાર થયેલ નથી, ચેક તેની હાજરીમા લખાયાનો, તેની હાજરીમા આરોપીએ સહી કરી આપેલનો પુરાવો નથી, ફરીયાદમા તેમજ સરતપાસમા પુરાવો નથી, ઉલટતપાસમા પણ આ બાબતે વીરોધાભાસી પુરાવો છે. હાલના કેસમાં ફરીયાદીએ ચેક કયાંથી, કેવી રીતે આરોપીનો ચેક મેળવેલ તે બાબત પુરવાર ફરીયાદી એ કરેલ નથી. May the trith is stranger than fiction at times but a court while assessing the worth of the evidence or merit of the case.can only go by normal human conduct and natural course of events which will be digestible to a reasonable man.the court can not evaluate the evidence on the scale of any fiction or miracle, though it is alos likely to occur once in blue moon. આમ કાલ્પનીક જેમ ફરીયાદી વાર્તા ઘડે તે વ્યવહાર ને ધ્યાને લઈ ન શકાય. સત્ય ને ગમે તે રીતે પુછો દરેક વખતે તે એક સરખુ

પ્રત્યાદેય બને છે, તે માનવા વર્તન જ છે. આ ચેકનુ એકઝીકયુશન પુરવાર થયેલ નથી, નામદાર હાઈકોર્ટ ડી.સી.આર.૨૦૦૬(૨) પાના નં. ૧૫ થી ૧૭ માં આ અંગે ખુબજ વીધ્ધતા પુર્ણ ચુકાદો આપી કાયદાનો ખ્યાલ સ્પષ્ટ કરેલ છે.

૪.૮ આ કામના મુળ ફરીયાદી બેંક લોન કે ધીરાણ મેળવવા ઈચ્છતા અરજદારો પાસેથી અનેક પ્રકારના ડોકયુમેન્ટ પોતાના ફેવરના આધારો તૈયાર રાખી અને તેવા તૈયાર લોન એગ્રીમેન્ટ, તૈયાર અરજી ફોર્મ વિગેરેમાં ગાહકોની યાને અરજદારોની સહીઓ લેવામા આવે છે, આવા ડોકયુમેન્ટસમાં શું વિગત લખેલી હોય છે, તે પણ અરજદારોને સમજાવવામાં આવતુ નથી અને આવા ડોકયુમેન્ટમાં લખેલી વિગતો બાબતે અરજદારો કે, ધીરાણ મેળવનાર વ્યકિત સહમત છે કે કેમ તે બાબતે અરજદારોની સહમતી લેવામા આવતી નથી અને અમુક બાબતો ફરીયાદી કંપની આવા કોઈપણ પ્રકારના કરારમાં ઉલ્લેખ કરતી નથી જેવી કે, અરજદાર કે ધીરાણ મેળવનાર વ્યક્તિઓ પાસેથી જે સહીવાળા બ્લેન્ક ચેકો હપ્તાની વસુલી અર્થે લેવામાં આવે છે તેનો લેશમાત્ર પણ કોઈપણ પ્રકારના ડોકયુમેન્ટોમા ઉલ્લેખ કરવામાં આવતો નથી. ફરીયાદી જે કંપની છે, તે ફાયનાન્સ કંપની છે, અને તે કોઈપણ વ્યકિત સાથે કોઈપણ પ્રકારનો કરાર કરે તો તે મૌખીક નહી પરંતુ લેખીત જ કરવામા આવતો હોય કારણ કે, કંપનીના ઓથોરાઈઝડ મુખત્યાર અવાર નવાર બદલતા રહેવાના કારણે તમામ બાબત રેકર્ડ ઉપર રાખવી ફરજયાત હોય છે ત્યારે હાલના કામમાં આરોપી પાસેથી યાને અમો એપેલેન્ટ પાસેથી ફરીયાદી કંપની યાને રીસ્પોન્ડન્ટએ જે વિવાદી ચેક મેળવેલો તેનો રેર્કડ ઉપરનો પુરાવો ફરીયાદી કંપની પાસે નથી. ફરીયાદી કંપનીએ નામદાર નીચેની કોર્ટના રેર્કડમાં રજુ થયેલ વિવાદીત ચેક આંક–૧૩ વાળો અમો એપેલન્ટ પાસેથી કયાં લેણા પેટે યાને કે, હપ્તા પેટે કે, સમગ્ર રકમ માટે મેળવેલો છે, કોણે મેળવેલો છે, કોની હાજરીમાં મેળવેલો છે, કેવા ફોર્મેટમાં મેળવેલો છે, આવી કોઈપણ બાબત રીસ્પોન્ડન્ટના નામદાર નીચેની કોર્ટમાં સદરહુ કામની ટ્રાયલ ચાલતા દરમ્યાન પુરવાર કરી શકેલ ન હોવા છતાં નામદાર નીચેની કોર્ટ ફરીયાદીનો કેસ પુરવાર માની અમો એપેલન્ટને તકસીરવાન ઠરાવવાનો હુકમ ન્યાનીક અને કાયદેસરનો ન હોય, જે રદ થવાને પાત્ર છે.

૪.૯ નીચેની નામ. કોર્ટે N I ACT SEC. 139 and 118(g)(b) Presumption do not exend regarding the existence of legally enforceable debt of liability ના પ્રબંધોને ધ્યાને લીધા વગર ફરીયાદી તરફે ફરીયાદનું લેણું કાયદેસરનું વસુલાતપાત્ર હોવાનું માની કાયદાની ગંભીર ભુલ કરેલ છે.

**૪.૧૦** નામદાર નીચેની કોર્ટે આંક–૫ થી એપેલન્ટ તરફે રીસ્પોન્ડન્ટની લેવાયેલ ઉલટ તપાસમાં ભારતીય પુરાવા અધિનીયમ મુજબ અપ્રસ્તુત હોવાનુ માની નીર્ણય લેવામા કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

**૪.૧૧** એપેલન્ટ તરફથી નીચેની કોર્ટમાં પુરાવાના કામે રીસ્પોન્ડન્ટનો પુરાવો પડકારેલ ન હોવાનુ કે, બર્ડન રીબ્યુટ કરેલ ન હોવાનુ માની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

**૪.૧૨** નામદાર નીચેની કોર્ટે એપેલન્ટ તરફે રજુ થયેલ મૌખીક દલીલ ને ઉલટ તપાસ ધ્યાને ન લઈ તેમજ એપેલન્ટ નામદાર નીચેની અદાલતના ચુકાદાઓ ધ્યાને ન લઈ તેમજ ચુકાદામાં તે અંગેનો લેશમાત્ર ઉલ્લેખ ન કરી નીર્ણય પર આવવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

**૪.૧૩** નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી / રીસ્પોન્ડન્ટ રજુ થયેલ પુરાવા ખરા, કાયદેસરના અને ભારતીય અધિનિયમ મુજબ પુરવાર થયેલા નથી. આમ, ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ મુળ ફરીયાદીએ નામદાર નીચેની કોર્ટમાં રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ ખરા, કાયદેસરના નથી કે મુળ ફરીયાદી દસ્તાવેજો ખરા પુરવાર કરેલ નથી, આમ નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી એ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ખરા અને કાયદેસરના માની નીર્ણય ઉપર આવવાની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

**૪.૧૪** નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી / રીસ્પોન્ડન્ટનુ લેણુ કાયદેસરનુ વસુલાત પાત્ર હોવાનુ માની અને આ લેણુ મુદત દરમ્યાનનુ માની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

**૪.૧૫** નામદાર નીચેની કોર્ટે એપેલન્ટના ક્રિ.પો.કોડની કલમ–૩૧૩ મુજબના વિશેષ નીવેદનમાં જણાવેલી કોઈ હકીકતોનો ચુકાદામાં નીર્ણીત ન કરી નીર્ણય પર આવવાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

**૪.૧૬** નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં અને રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ પુરવાર કરવામાં સંપુણત નીષ્ફળ ગયેલ હોવા છતાં નામદાર નીચેની કોર્ટે રીસ્પોન્ડન્ટનો કેસ એપેલન્ટ ડીસ્ચાર્જ કરેલ હોવા છતાં કેસ સાબીત માની નીર્ણય ઉપર આવવાની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

**૪.૧૭** નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી/ રીસ્પોન્ડન્ટે રજુ રાખેલ આંક– ૩૧ ચેક ધ્યાને લેતા ચેકની બોડીનુ ફોર્મેટ અલગ અલગ ઈન્ક તથા અક્ષરોથી ફીલ કરેલ હોય આમ ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૧૭૩ મુજબ ચેકના ફોર્મમાં મટીરીયલ ઓલટરેશન હોવા છતાં તે અંગે ચુકાદામાં કોઈ વિવરણ ન કરી અને હકીકત ધ્યાને લીધા વિના ચેક

વેલીડ હોવાનુ માની નીર્ણય ઉપર આવવાની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

**૪.૧૮** નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી / રીસ્પોન્ડન્ટ તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓમાં રેકર્ડ ઉપર ધણા વિરોધાભાસ હોય, તે વિરોધાભાસે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ ધ્યાને લેતા પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી, તેમજ રીસ્પોન્ડન્ટ નાની ફરીયાદ તથા મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવાઓ અને ઉલટ તપાસ દરમ્યાન વિરોધાભાસ ધ્યાને લઈને ફરીયાદીનો પુરાવો કાયદેસરનો માની નાદાર નીચેની કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.'' તેમ જણાવી અરજી પેરા–૪(૧) મુજબની અરજ કરેલ છે.''

સી.આર.પી.સી.ની ક. ૩૮૪ મુજબ અપીલ ડીસમીસ કરેલ નથી અને રેકર્ડ જોતાં સી.આર.પી.સી.ની ક. ૩૮૫ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે.

## (૫) આરોપી તરફે દલીલઃ–

મૂળ આરોપી/એપેલન્ટના વિ.વ.શ્રી તરફે આંક–૧૨ થી લેખિત દલીલ રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

''**૫.૧** આ કામના મુળ ફરીયાદીએ અમે એપેલન્ટ/આરોપી સામે નામ. નીચેની કોર્ટ માં નેગો.ઈન્સ્ટ્રુ. એકટ ની કલમ–૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરેલ અને તે ફરીયાદ ફોજદારી કેસ.નં.૩૪૧૨/૨૦૨૨ થી ટ્રાયલ ચાલી જતા અમો હાલના એપેલન્ટને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેક ની રકમ ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો સજાનો હુકમ ગઈ તારીખ:૨૩/૦૨/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે. સદરહુ વિવાદીત સજાના હુકમથી નારાજ થઈ અમો હાલના એપેલન્ટ/આરોપીએ હાલની આ અપીલ આપ નામદાર કોર્ટ માં દાખલ કરેલ છે.

**૫.૨** નામદાર નીચેની કોર્ટ સદરહુ કામની ન્યાયીક કાર્યવાહી દરમ્યાન ફરીયાદ કંપની તરફથી રજુ કરેલા દસ્તાવેજો ને પુરવાર થયેલા હોવાનુ માની કાયદાની ગંભી ભુલ કરેલ છે. આ કામના ફરીયાદીની આંક–૫ થી ઉલટતપાસ લેવામાં આવેલ છે ઉલટતપાસ પાના નં.૧ ના પેરા ધ્યાને લેવામાં આવે તો, "એ વાત ખરી છે કે પાવર ઓફ એર્ટની નોટરાઈઝ થઈ ત્યારે હું જુનાગઢ મુકામે હાજર હતો. એ વાત ખરી છે કે આ કંપની સબંધેના તમામ નીર્ણયો બોર્ડ ઓફ ડીરેકટર દ્વારા લેવામાં આવતા હોય છે. એ વાત ખરી છે કે આ કંપનીના નિર્ણયોનું અમલીકરણ બોર્ડ ઓફ ડીરેકટર ધ્વારા કરવામાં આવતુ હોય છે. એ વાત ખરી છે કે મને માહીતી નથી કે ફરીયાદી કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સ એ પોતાની સતાઓ

કંપનીના સેક્રેટરીને આપેલી છે. એ વાત ખરી છે કે કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સએ મને પાવર ઓફ એટર્ની આપેલી નથી, કંપની સેક્રેટરીએ આપેલી છે. એ વાતની મને માહીતી કે કંપની સેક્રેટરીએ મને આપેલ પેટા પાવર છે. તે વાત ખરી છે કે ફરીયાદી કંપનીએ નિમણુંક કરેલ છે તેનો કોઈ પત્ર કે ઠરાવ આ કામે રજુ કરેલ નથી. તે વાત ખરી છે કે કંપનીમાં કોઈ લોન લેવા આવે તેવી વ્યકિત સાથે મારે સીધી કોઈ વાતચીત થતી નથી. 'આ હકીકત ધ્યાને લેવામાં આવે તો કંપનીના ધારા ધોરણ મુજબ કંપનીના ડાયરેકટરોની મીટીંગ મળે છે અને તે મીટીંગમાં ઠરાવ કરી અને કોઈપણ અધીકારી કે વ્યકિતને કંપની વતી કાયદાકીય કોઈ કાર્યવાહી કરવા ઓથોરીટી આપવામાં આવે છે અને તે ઓથોરીટી મેળવનાર વ્યકિત જ કંપની વતી ફરીયાદ કરવા કાયદેસરના હકકદાર બને છે." પરંતુ આ કામમાં ફરીયાદી નિકુંજભાઈ વિઠ્ઠલભાઈ ગામીને કંપનીએ કોઈ ઓથોરીટી આપેલ હોય અને આવી ઓથોરીટી કંપનીના ડાયરેકટરોએ ઠરાવ કરેલ અને આપેલ હોય તેવુ બનેલ નથી તેમજ ફરીયાદીએ જે ઓથોરીટી રજુ કરેલ છે તે કંપનીના સેક્રેટરીએ આપેલ હોવાનું ફલીત થાય છે અને કંપનીના સેક્રેટરીને કોઈ વ્યકિતને કંપની વતી ફરીયાદ કરવા પેટા પાવર આપવાની સતા કંપનીએ આપેલ છે કે કેમ તે હકીકત ફરીયાદ પુરવાર કરી શકેલા નથી. આમ ઉલટ તપાસ દરમ્યાન બચાવપક્ષે જે હકીકતને ચેલેન્જ કરેલ છે તે હકીકતને પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફથી લેશમાત્ર પુરાવો ટ્રાયલ દરમ્યાન આપવામાં આવેલ નથી કે બર્ડન ઓફ પ્રુફ ફરીયાદીએ ડીસ્ચાર્જ કરેલ નથી. જેથી ફરીયાદી કાયદેસરના કંપની વતી ફરીયાદ કરવા હકકદાર છે તે પુરવાર થતુ નથી. આમ છતા નામદાર નીચેની કોર્ટ દસ્તાવેજ પુરવાર થયેલ હોવાનુ માની અને સજાનો હુકમ ફરમાવેલ તે કાયદાકીય રીતે ટકવાપાત્ર નથી કારણ કે નામદાર નીચેની કોર્ટ રેકર્ડ પર આવેલ પુરાવાઓનુ કાયદાકીય રીતે મુલ્યાંકન કરેલ નથી જેની નામદાર કોર્ટ ના વિવાદીત સજાના હુકમ માં હસ્તક્ષેપ કરવો તે વ્યાજબી અને ન્યાયી ગણાશે.

અમારી આ દલીલના સમર્થનમાં નીચે જણાવેલ જજમેન્ટ ઉપર આધાર રાખીએ છીએ.

– ૨૦૧૫ લો સ્યુટ (સુપ્રીમ કોર્ટ) ૩૭૨

''પી. પ્રમીલા તથા અન્ય વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા તથા અન્ય

**૫.૩** નામદાર નીચેની કોર્ટનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવેતો આ કામમાં ફરીયાદીની ઉલટ તપાસ પાના નં.૧ ધ્યાને લેવામા આવેતો આ કામના આરોપી પાસેથી લોન લેતી વખતે કોઈ ચેકો લીધા નથી. આ હકીકત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી તેની ઉલટ તપાસમાં જણાવે છે કે હાલનો તકરારી ચેક ફરીયાદીએ આરોપી પાસેથી કઈ રીતે મેળવેલો તે અંગેની કોઈ હકીકત આમ ફરીયાદી પોતાની ફરીયાદ અને સરતપાસના સોગંદનામામાં જણાવેલ

નથી અને ફરીયાદીએ કઈ રકમની વસુલાત અર્થે એટલે કે સેટલમેન્ટની એમાઉન્ટ માટે કે ઓવરડયુની એમાઉન્ટ માટે ફરીયાદીએ આરોપી પાસેથી ચેક મેળવેલાનું સ્પષ્ટ થતુ નથી અને આ અંગે ફરીયાદીએ કોઈ વિશેષ પુરાવો આપી પુરવાર કરેલ નથી. જ્યારે ટ્રાયલ દરમ્યાન બે પ્રકારની વ્યુહ નીકળી આવતી હોય ત્યારે કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે આરોપી તરફેનો વ્યુહ માનવો જોઈએ અને જયારે વિરોધાભાસી પુરવો રેકર્ડ પર આવતો હોય ત્યારે તેવા પુરાવાની એવીડન્ટરી વેલ્યુ નથી અને ટ્રાયલ દરમ્યાન ફરીયાદીનો પુરવો અનિયમીત અને વિરોધાભાસી હોય તો ફરીયાદીને નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૧૮ (એ) અને ૧૩૯ મુજબના અનુમાનનો લાભ મળી શકે નહી. આમ ફરીયાદએ પોતાની ફરીયાદની વિરોધાભાસી પુરાવો નામદાર કોર્ટ માં ઉલટ તપાસ દરમ્યાન આપેલ હોવા છતા નામદાર નીચેની કોર્ટ સદરહુ હકિકતને કેસના આખરી નીણર્ય સમયે ધ્યાને લીધેલ નથી ફરીયાદીના પુરાવાઓનુ અમો બચાવ પક્ષે નામદાર નીચેની કોર્ટમાં ખંડન કરેલ હોય અને ફરીયાદીની ફરીયાદની વિરૂધ્ધ ની હકીકત રેકર્ડ પર લીધેલા હોય એટલે કે ફરીયાદીની ફરીયાદની શંકાસ્પદ હોવાનુ રેકર્ડ પર લાવેલા હોય અને અમો બચાવપક્ષેના પ્રયત્નથી અમારો બચાવ પુરવાર કરેલ હોય આમ છતા નામદાર નીચેની કોર્ટ સદરહુ હકિકતને ધ્યાને ન લઈ વિવાદીત સજાનો હુકમ ફરમાવેલ જે રદ થવાને પાત્ર છે.

**૫.૪** નામદાર નીચેની કોર્ટનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવેતો આ કામના મુળ ફરીયાદીની ઉલટ તપાસ પાના નં.(૧) ના પેરા ધ્યાને લેવામાં આવે તો 'એ વાત ખરી છે કે આ કામના આરોપીએ કયારથી લોનના હપ્તા બંધ કરેલ છે તે મારી ફરીયાદ નોટીસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીને અમારી બ્રાંચ દ્વારા નોટીસ આપીને જાણ કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી.'

ઉપરોકત ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીને આરોપીએ કેટલી રકમ ચુકવેલ છે અને કેટલી રકમ બાકી છે તે અંગે ફરીયાદી પુરાવો આપતા નથી અને આરોપીએ કયારથી હપ્તા ભરવાનું બંધ કરેલ છે તે અંગે પણ ફરીયાદી કોઈ હકીકત જણાવતા નથી અને ફરીયાદીએ આરોપીને હપ્તા ભરવાનુ બંધ કરતા આરોપીને લેખીતમાં જાણ કરેલ છે અને આવી લેખીતમાં કેટલી વાર જાણ કરેલ છે તે હકીકતની ફરીયાદીને ખબર નથી કે આ અંગે ફરીયાદી તરફથી કોઈ પુરવો રજુ કરેલ નથી. આ હકીકત બચાવપક્ષે ચેલેન્જ કરેલ હોવા છતા તે હકીકત પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફથી કોઈ પુરાવો આપવામાં ન આવે ત્યારે ભારતીય પુરાવા અધીનીયમની કલમ–૧૧૪(જી) મુજબ ફરીયાદીની વિરૂધ્ધમાં અનુમાન થાય અને તેનો લાભ આરોપીને આપવો જોઈએ.

ઉપરોકત ઉલટ તપાસ દરમ્યાન નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો ચેકમાં જણાવેલી રકમ આરોપી પાસે ફરીયાદી કંપનીની કાયદેસરની લેણી નીકળતુ હોવાનુ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નીષ્ફળ ગયેલા હોય આમ છતા નામદાર નીચેની કોર્ટ અમો બચાવ પક્ષ ની તરફેણ નો પુરાવો ધ્યાને લીધેલ નથી જેથી નામદાર નીચેની કોર્ટ નો વિવાદીત સજાનો હુકમ કાયદેસર ટકવાપાત્ર ન હોય રદ થવા પાત્ર છે.

**૫.૫** નામદાર નીચેની કોર્ટનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવેતો ફરીયાદી તેની ઉલટતપાસ દરમ્યાન જણાવે છે કે, 'એ વાત ખરી છે કે મે આ કામે લોન આપતી વખતે કરવામાં આવેલ લોન એગ્રીમેન્ટ રજુ કરેલ નથી." આ કામમાં ફરીયાદી કંપનીએ આરોપીને જે શરતોને આધીન લોન આપેલ છે તેની તમામ હકીકત લોન એગ્રીમેન્ટમાં દર્શાવેલી છે અને આરોપીએ લોનની રકમ કઈ રીતે ફરીયાદી કંપનીને ચુકવવી તે અંગેનો પણ ઉલ્લેખ લોન એગ્રીમેન્ટમાં હોય છે. અને આ લોન એગ્રીમેન્ટનો આરોપીએ ભંગ કરેલ છે કે કેમ તે પુરવાર કરવુ જરૂરી હોય આમ છતા ફરીયાદ પક્ષ તરફથી આ અંગેનો કોઈ પુરાવો આ કામમાં રજુ થયેલ નથી અને સદરહુ પુરાવો ફરીયાદીના કબ્જામાં છે અને સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેવો પુરાવો હોવા છતા ફરીયાદીએ રજુ કરેલ નથી જેથી આ અંગેનો લાભ આરોપીને આપવો જોઈએ. આમ છતા નામદાર નીચે ની કોર્ટ કેસના આખરી નીણર્ય સમયે ધ્યાને લીધેલ નહિ.આ દલીલના સમર્થનમાં અમો નીચે મુજબના જજમેન્ટ ઉપર આધાર રાખીએ છીએ.

– એસ.સી.આર. ૨૦૧૨ (૧) ૨૭૧

''ગુજરાત કપડવંજ પીપલ્સ કો.ઓપ.બેંક લી. વિ. જયંતીભાઈ તલાસજી મારવાડી તથા અન્ય"

**૫.૬** નામદાર નીચેની કોર્ટનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવેતો ફરીયાદીની ઉલટતપાસ પાના નં.૨ જોવામાં આવે તો " એ વાતની મને ખબર નથી કે આ કામના આરોપીનું ખાતુ આરોપીએ હપ્તા ભરવાનુ બંધ કર્યા બાદ ૯૦ દિવસ બાદ એન.પી.એ. થયુ ત્યારે અમારી કંપનીનું કેટલુ લેણુ નીકળતી હતી "સદરહુ હકીકત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીને પોતાને ખબર નથી કે આરોપીનું એકાઉન્ટ એન.પી.એ. થયેલ છે કે કેમ અને ફરીયાદીનું ખાતુ જયારથી એન.પી.એ. થયેલ હોય ત્યારથી તે રકમ પર કોઈ વ્યાજ લઈ શકાય નહી. આમ ફરીયાદીએ જે સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તેમજ તેમાં જે વ્યાજની ગણતરી કરેલ છે તે કાયદેસર લેવા હકકદાર છે કે કેમ અને ચેકમાં દર્શાવેલી રકમ ફરીયાદી કંપનીનું આરોપી પાસે કાયદેસરનું બાકી લેણુ નીકળે છે કે કેમ તે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવા છતા નામદાર નીચેની અદાલતે કેસના આખરી નિર્ણય સમયે ધ્યાને લીધેલ નથી અને

કાયદાની જોગવાયો મુજબ પુરાવાઓનુ યોગ્ય મુલ્યાંકન કરેલ નથી જેથી નામદાર નીચેની અદાલતે સજાનો હુકમ રદ કરવા અરજ છે.

**પ.૭** નામદાર નીચેની કોર્ટનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવેતો આ કામના મળુ ફરીયાદી ઉલટ તપાસ પાના નં. ૨ પેરા ધ્યાને લેવામાં આવે તો ''એ વાત ખરી છે કે આ કામના આરોપીને લોન પેટે રૂા.૬,૭૫,૦૦૦/- આપેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી" સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તેમાં છે. આ હકીકત ધ્યાને લઈએ તો ફરીયાદી કંપનીએ આરોપીને રૂા.૬,૭૫,૦૦૦/- ની લોન આપેલ છે અને આ તબકકે બચાવપક્ષે તેને ચેલેન્ઝ કરેલ છે અને આમ છતા ફરીયાદપક્ષ ઉલટતપાસ દરમ્યાન જણાવે છે કે આરોપીને રૂા.૬,૭૫,૦૦૦/- આપેલ હોવા અંગેનો પુરાવો એટલે કે સ્ટેટમેન્ટ રજુ કરેલ છે પરંતુ આ કામમાં ફરીયાદીએ રજુ રાખેલ સ્ટેટમેન્ટ ધ્યાને લેવામાં આવે તો આરોપીના બેંક ખાતામાં ફરીયાદી કંપનીએ રૂા. ૬,૭૫,૦૦૦/- આપેલ હોવાનું જણાવેલ જણાવેલ નથી અને ફરીયાદીએ આરોપીને રૂા.૬,૭૫,૦૦૦/- આપેલ હોય અને આરોપીએ તે રકમ સ્વીકારેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદીએ ટ્રાયલ દરમ્યાન રજુ રાખેલ નથી. આમ ફરીયાદીએ આરોપીને રૂા.૬, ૭૫,૦૦૦/- આપેલ હોવાનું પુરવાર થતુ ન હોય ત્યારે આ હકીકત ધ્યાને લઈએ તો ફરીયાદપક્ષે આરોપી પાસે રૂા. ૩,૪૨,૬૨૪/- કાયદેસરનું લેણુ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે. જેથી ફરીયાદપક્ષને નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ-૧૩૯ મુજબનું અનુમાનનો લાભ મળી શકે નહી અને આ અનુમાન આરોપીની તરફેણમાં થાય. એપેલન્ટ/આરોપી ને કોઈ રકમ ધિરાણ પર આપેલ હોવાનું પુરવાર થતુ ન હોય આમ છતા નામદાર નીચેની અદાલતે આ હકીકત ને ધ્યાને લીધેલ નથી.જેથી પણ નામદાર નીચેની અદાલતે સજાનો હુકમ રદ કરવા અરજ છે.

**પ.૮** આ કામના આરોપીને ફરીયાદી કંપની દવારા આ જ વ્યવહાર પેટેના હાલના આરોપી વિરૂધ્ધ નેગો.ઈન્સ્ટુ.એકટ હેઠળ કુલ ત્રણ કેસો જુનાગઢના નામદાર ચીફ જયુડીશ્યલ મેજી. સમક્ષ કરવામાં આવેલ હતા જે પૈકી બે કેસોમાં નામદાર ચીફ જયુડીશ્યલ મેજી.નાઓએ આ કામના એપેલેન્ટ/આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.જેના (૧) ફોજદારી કેસ નં.૩૪૯૮/૨૦૨૨ અને (૨) ફોજદારી કેસ નં.૩૦૪૬/૨૦૨૨ તે કેસ ચાલી જતા આરોપીને નામદાર કોર્ટે નીદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવેલ હતો.''

''તેમજ ફોજદારી કેસ નં. ૩૪૯૮/૨૦૨૨ ના કામે લેવાયેલ ફરીયાદી ની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવેતો ફરીયાદી કંપની દવારા આ કામના એપે./આરોપી એ ખરીદ કરેલ વાહન સીઝ કરવામાં આવેલ છે તે હકીકતનો સ્વિકાર કરે છે.જે હુકમની નકલ તથા ઉલટ

તપાસની ખરી નકલ આ સાથે રજુ રાખેલ છે.'' આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ નીચે મુજબનો ચુકાદો કેસના નિર્ણય સમયે ધ્યાને લેવા અરજ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ

''નરપત મોતીસિંહ પુરોહીત વિ. સ્ટેટ ઓફ ગુજરાત''

સ્પે. ક્રિમી. એપ્લી. નં.૧૩૫૫/૨૦૨૦

ઉપરોકત અમો આરોપી તરફેની લેખીત દલીલમાં કરેલી રજુઆતો તેમજ મૈખીક રજુઆતો અને નામદાર ઉચ્ચ સર્વોચ્ચ અદાલતોના ચુકાદાઓ અને ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઈ ફરીયાદીની ફરીયાદ રદ કરી અમો આરોપીને નિદોર્ષ છોડી મુકવાનો હુકમ ફરમાવવા આપ નામદાર કોર્ટને નમ્ર અરજ છે.''

## (૬) મૂળ ફરીયાદી/સામાવાળા તર્ફે દલીલો :-

મૂળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ નં.૨ તરફે તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ આંક-૧૩ થી લેખિત દલીલ કુલ-૧૬ પાનાની રજુ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

''**૬.૧** એપેલન્ટ/આરોપીએ તા.૦૯/૦૩/૨૦૧૬ ના રોજ અમો રીસ્પોડન્ટ નં.-૨/ફરીયાદી પાસેથી ઉપરોકત વિગતે વાહન ખરીદવા રૂા.૬,૭૫,૦૦૦/- ની લોન લીધેલી હતી. સદરહુ લોન તા.૦૫/૦૪/૨૦૧૬ થી તા.૦૫/૦૩/૨૦૨૦ સુધીમાં રૂા.૨૧,૪૧૪/- ના ૪૮ હપ્તાથી કુલ વ્યાજ રૂા. ૩,૫૨,૮૭૨/- સહીત કુલ રૂા.૧૦,૨૭,૮૭૨/- ભરીને ભરપાઈ કરવાની હતી. સદરહુ લોનની કુલ લેણી રકમ પેટે એપેલન્ટ/આરોપીએ ફકત કુલ રૂા.૪૪,૬૪૦/- ભરપાઈ કરેલ છે. આમ ઘણાં લાંબા સમયથી એપેલન્ટ/આરોપીએ એક પણ રૂપિયો ભરેલ નથી.

આ કામના આરોપી/એપેલેન્ટ તરફે એક રજુઆત એવી છે કે, ફરીયાદી/રીસ્પો. નં.-૨ કંપની ધ્વારા આજ લોન વ્યવહાર પેટેનો એક ચેક આપેલ હતો જેના ચેક નંબર-૨૦૧૨૯૨ હતો તે ચેક રીટર્ન થતા જુનાગઢની નામદાર કોર્ટમાં ફરીયાદીએ ફો.કે. નં.-૩૦૪૬/૨૦૨૨ થી એક કેસ દાખલ કરવામાં આવેલો હતો. સદરહું કેસ ચાલી જતા આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મકવાનો હુકમ કરવામાં આવેલ હતો. સદરહુ કેસમાં ફરીયાદીની ઉલટતપાસમાં કરીયાદીએ ભુલથી યાદ ન હોવાથી લોન વાળુ વાહન ફરીયાદી કંપનીએ જપ્ત કરી લીધેલ છે તેવું સ્વીકારેલ હતુ પરંતુ ખરી હકીકતે સદરહું વાહન ફરીયાદી કંપની ધ્વારા જપ્ત કરવામાં આવેલ નથી અને તે બાબતનો કોઈ ખુલાસો આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી અને હાલના કામના મુળ કામ ફો.કે.નં.-૩૪૧૨/૨૦૨૨ ના કામે ફરીયાદીની ઉલટતપાસ જોવામાં આવે તો 'એ વાત ખરી નથી કે આરોપીનું વાહન અમારી

કંપનીએ સીઝ કરી દીધેલ છે.' આમ જો વાહન જપ્ત કરવામાં આવેલ હોય તો આરોપી સીઝર મેમો કે ઈન્વેટરી રજુ કરીને તેમની વાત સાબીત કરી શકત પરંતુ આરોપી પોતે જાણે છે કે વાહન ફરીયાદી કંપની પાસે નહી પણ તેમની જ પાસે છે. ફરીયાદીને યાદ ન હોવાના કારણે ભુલથી વાહન ફરીયાદીએ જપ્ત કરી લીધેલ છે તેવા જવાબનો ખોટો લાભ લેવાના આશયથી એપેલેન્ટ/આરોપી તરફે સદરહું ફો.કે.નં.–૩૦૪૬/૨૦૨૨ ના જજમેન્ટની ખરી નકલ આ કામે દલીલ સાથે રજુ કરવામાં આવેલ છે પરંતુ આ કામે લોન વાળુ વાહન જપ્ત કરવામાં આવેલ નથી તેમજ વાહન જપ્ત કરવામાં આવેલ ન હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના "નરપત મોતીસીહ પુરોહીત વિ. સ્ટેટ ઓફ ગુજરાત" નુ જજમેન્ટ આ કામે લાગુ પાડી શકાય નહી.

ફો.કે.નં.–૩૪૧૨/૨૦૨૨ માં ફરીયાદીની ઉલટતપાસ જોવામાં આવે તો '' એ વાત ખરી છે કે મે રજુ કરેલ આંક–૩૦ વાળી પાવર ઓફ એટર્ની તારીખ ૦૫/૧૧/૧૯ ના રોજની છે. એ વાત ખરી છે કે, પાવર ઓફ એટર્ની નોટરાઈઝડ થઈ ત્યારે હું જુનાગઢ મકામે હાજર હતો. એ વાત ખરી છે કે ફરીયાદી કંપની, કંપની એકટ હેઠળ નોંધાયેલ કંપની છે. એ વાત ખરી છે કે કંપનીના તમામ નિર્ણયો બોર્ડ ઓફ ડીરેકટર્સ ધ્વારા લેવામાં આવતા હોય છે. એ વાત ખરી છે કે આ બોર્ડ ઓફ ડીરેકટર્સે સત્તા કંપની સેક્રેટરીને આપેલ છે. એ વાત ખરી છે કે આ પાવર ઓફ એટર્ની કંપનીના સેક્રેટરીએ મને આપેલ છે" આમ આરોપી તરફે સદરહું સવાલો પ્રોઝીટીવ સ્વરૂપે પુછીને ફરીયાદીને ફરીયાદ કરવાની સત્તા મળેલ હોવાની હકીકતને સમ્પુર્ણ સમર્થન મળે છે અને આરોપી/એપેલેન્ટ તેનો સ્વીકાર કરે છે. કંપનીની બોર્ડ મીટીંગમાં ઠરાવ થયેલ છે કે અલગ અલગ બ્રાંન્ચમાં મુખત્યાર નિમવાના પાવર સેક્રેટરીને આપવામાં આવે છે અને તે પાવરના આધારે સાલના કામે રજુ મુખત્યારનામું આપવામાં આવેલ છે.

ફરીયાદી તેમની ઉલટતપાસમાં જણાવે છે કે "આ કામના આરોપીએ તારીખ ૦૯/૦૩/૧૬ નાં રોજ રૂા. ૬,૭૫,૦૦૦/– ની લોન લીધેલી. આ કામના આરોપી પારોથી લોન આપતી વખતે કોઈ ચેકો લીધા નથી. આરોપીએ લોનના હપ્તાની ચુકવણી રોકડામાં કરવાની હતી તેવો કોઈ ચોકકસ નિયમ નથી કે, કોઈપણ વ્યકિત અમુક હપ્તા ચુકી જાય ત્યાર પછી તેની સામે કાર્યવાહી થઈ શકે. આ કામના આરોપીએ લોન પેટે બે હપ્તાની ચુકવણી કરી છે” આમ આરોપી તરફે બે હપ્તા ચુકવેલ છે જે વાત રેકર્ડ ઉપર આવે છે. આથી આરોપીએ લોન લીધેલ નથી કે આરોપીને લોન મળેલ નથીની તકરાર ટકવા પાત્ર નથી તેમજ આરોપીએ ફકત બે જ હપ્તા ભરેલ છે તે વાત પણ રેકર્ડ ઉપર આવે છે તેમજ આરોપીએ વાદવાળો ચેક ફરીયાદી કંપનીને આપેલ છે તેવા પ્રિઝમશનનું ખંડન આરોપી તરફે કરવામાં આવેલ નથી કે વાદવાળા ચેકમાં આરોપીની સહી હોવા બાબત કોઈ તકરાર

નથી. આમ વાદવાળો ચેક તે આરોપીએ સદરહું લોનના લેણા પેટે આપેલ હોવાની હકીકત સાબીત માનવા અરજ છે.

આ કામના ફરીયાદી તે જયુરીસ્ટીક પર્સન છે અને ઓથો. પર્સન તેમની જુબાની રેકર્ડ આધારીત આપે છે. આમ કલમ–૧૩૮ મુજબનો ગુન્હો તે રેકર્ડ આધારીત છે.

આ કામના ફરીયાદી ફાયનાન્સ કંપનીનુ કામકાજ આખા દેશમાં ચાલતુ હોય, બોર્ડની મીટીંગમાં ઠરાવ કરી કંપની સેક્રેટરી વ્યકિત વિવેક એમ. અચવાલને અલગ અલગ સ્થળે કામ કરવાના પાવર અલગ અલગ વ્યકિતને પાવર આપવાની સત્તા આપતો ઠરાવ કરવામાં આવેલ છે અને તે હેસીયતથી વિવેક એમ. અચવાલે આ કામની ફરીયાદ દાખલ કરનાર નિકુંજ ગામીને મુખત્યાંરનામુ કરીને કંપનીને નામ. કોર્ટમાં રીપ્રેઝન્ટ કરવાના પાવર આપેલ છે. સદરહુ મુખત્યારનામુ જનરલ છે અને તેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે ફરીયાદી કંપની વતી નામ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા તેમજ તમામ કાર્યવાહી કરવા માટે મુખત્યારનામુ આપવામાં આવેલ છે. સદરહુ મુખત્યારનામાંના છેલ્લા પાના ઉપર '' IN WITNESS WHERE OF, I vivek Achwal, S/o Mr. Madhukar Achwal, Company Secretary of the Company duly authorised vide resolutions passed in the meeting of the Board of Directors of the Company held on November 9, 2011 and October 29, 2015 do hereby sign seal and deliver this, Power of Attorney on this 05-11-2019. '' દર્શાવવામાં આવેલ છે. તે મુજબ તા.૦૯/૧૧/૨૦૧૧ ના ઠરાવ મુજબ આ કામે રજુ કરેલ મુખત્યારનામુ આપવામાં આવેલ છે. સદરહુ તા.૦૯/૧૧/૨૦૧૧ નો ઠરાવથી સ્પષ્ટ પણે આવા પાવર સબ ડેલીગેટ કરવાના પાવર આપવામાં આવે છે. "RESOLVED THAT the Company hereby grant a Power of Attorney in favour of Mr.Vivek M. Achwal, Company Secretary, so as to enable him to attend to various legal matter of the Company and that he be vested thereby with necessary power to appear on behalf of the Company before the Judicial Authorities / Quasi Judicial Authorities/Regulatory Bodies including the power to delegate his powers to other officials of the company as may be deemed expedient by him and to execute such document and papers as may be necessary or expedient in this regard. ". આ બાબતે અમો નામ. સુપ્રીમ કોર્ટના નીચે મુજબના સાઈટેશન ઉપર આધાર રાખીએ છીએ.

2023 LiveLaw (SC) 121,

MITA INDIA PVT. LTD. versus MAHENDRA JAIN

Power of Attorney The law is settled that though the general power of attorney holder cannot delegate his powers to another person but the same can be delegated when there is a specific clause permitting sub−delegation.

ઉપરોકત વિગતે ફરીયાદી તેમની ક્રોસમાં આ કામની ફરીયાદને સંપુર્ણ સમર્થન આપે છે. આરોપી તરફે ફરીયાદીને લોન અંગે અને સદરહુ લોન આરોપીએ લીધા અંગે સવાલો પુછીને આરોપીએ અમો ફરીયાદી પાસેથી લોન લીધેલાનુ કબુલી લીધેલ છે. સમગ્ર ક્રોસ જોવામાં આવે તો સદરહુ લોન આરોપીએ લીધેલ છે તેનાથી વિરૂધ્ધનો કોઈ પુરાવો આવેલ નથી એટલે કે સદરહુ લોન બાબતે આરોપી વિરૂધ્ધનુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેમજ વાદવાળો ચેક તે આરોપીએ સદરહુ લોનના લેણાં પેટે આપેલાનુ પણ સાબિત થાય છે.

વાદવાળા ચેકમાં આરોપીની સહી બાબતે આરોપી તરફે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આમ વાદવાળો ચેક તે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ છે. નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ−૨૦ મુજબ અધુરી વિગત વળુ ઈન્સ્ટ્રુમેન્ટ સહી કરીને આપતાની સાથેજ બીજી વિગતો ભરવાનો અધિકાર ઈન્સ્ટ્રુમેન્ટ ધારકને મળે છે. આમ આરોપીની સદરહુ તકરાર ટકવા પાત્ર નથી.

આ કામે આરોપીએ અમો ફરીયાદી પાસેથી લોન લીધેલ હોવાની હકિકત સાબિત થાય છે. તેમજ વાદવાળો ચેક તે લોન લેતી વખતે આપવામાં આવેલ નથી પરંતુ ત્યારબાદ બાકી લેણાંની માંગણી કરતા આપેલાનુ સાબિત માનવા અરજ છે.

આરોપીની નોટીસ ન બજવાની તકરાર પણ ટકવા પાત્ર નથી કારણ કે આ કામની ફરીયાદ પહેલાની નોટીસનુ સરનામુ અને આ કામની ફરીયાદના મથાળે આરોપીનુ સરનામુ એકજ છે. આ કામના સમન્સ વોરંટ આરોપીને સદરહુ સરનામે સર્વ થયેલ છે. આથી આરોપીને નોટીસ બજેલ નથીની તકરાર ટકવા પાત્ર નથી.

આરોપી ચેકની તારીખે ચેકમાં લખેલ રકમ જેટલુ લેણુ ન હોવાનુ પુરવાર કરવામાં નીષ્ફળ ગયેલ છે. આથી વાદવાળો ચેક તે આરોપીએ અમો ફરીયાદી પાસેથી વાહન ખરીદવા લીધેલ લોનના કાયદેસરના લેણાં પેટેનો હોવાનુ માનવા અરજ છે તેમજ આરોપી તરફે અમો ફરીયાદીએ રજુ રાખેલ તમામ દસ્તાવેજોને ચેલેન્જ કરેલ નથી, આથી તેને પુરાવામાં ધ્યાને લેવા અરજ છે. વાદવાળો ચેક રીર્ટન થતા ફરીયાદીએ તમામ કાનુની પ્રક્રિયા પુર્ણ કરીને હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાની વાત સાબિત માનવા તેમજ ફરીયાદી તેમની ફરીયાદ પુરવાર કરવામાં સફળ થયેલાનુ માનવા તેમજ આરોપી ફરીયાદની હકિકતને રીબર્ટ કરવામાં નિષ્ફળ ગયેલાનુ માનવા અરજ છે.

**૬.૨** આ કામે અમો ફરીયાદી તરફે ઉપરોકત પુરાવાના અનુસંધાને કાયદાની પરિસ્થિતિ મુજબના મુદા પ્રમાણે લેખિત દલીલ છે જે ધ્યાને લેવા અરજ છે.

A) આ કામના ફરીયાદી કંપની એ જયુરીસ્ટીક પર્સન છે. આથી ફરીયાદી જાતે નામ. કોર્ટમાં હાજર રહી શકે નહી. આથી તેના વતી કરીયાદની તમામ કાર્યવાહી કરવા માટે મુખત્યારનામાંથી પાવર આપેલ વ્યકિત નામ. કોર્ટમાં હાજર રહી અને તમામ કાર્યવાહી કરતા હોય છે. આ કામે ફરીયાદી કંપની વતી ફરીયાદ દાખલ કરવાના તથા ચાલતા કામે કાર્યવાહી કરવાના પાવર ફરીયાદી કંપનીએ તેના ઓથો. પર્સનને આપેલ છે અને આ કામની ફરીયાદ તેમણે દાખલ કરેલ છે. આ બાબતને આરોપી તરફે ચેલેન્જ કરવામાં આવેલ નથી. આથી ફરીયાદમાં સહી કરનારને આ કામની ફરીયાદ આરોપી સામે દાખલ કરવાના પાવર હોવાની વાત સ્પષ્ટ પણે સાબિત માનવા અરજ છે. સદરહુ બાબત માટે અમો નીચેના ચુકાદા ઉપર આધાર રાખીએ છીએ.

2005 LAW SUIT (BOM) 956.

B) THE POWERS OF ATTORNEY ACT, 1882

2. Execution under power–of–attorney. –The donee of a power–of–attorney may, if he thinks fit, execute or do any [XXX] instrument or thing in and with his own name and signature, and his own seal, where sealing is required, by authority of the donor of the power; and every '[XXX] instrument and thing so executed and done, shall be as effectual in law as if it had been executed or done by the donee of the power in the name, and with the signature and seal, of the donor thereof.

This Section applies to power–of–attorney created by instruments executed either before or after this Act comes into force.

આ કામના ફરીયાદી ફાયનાન્સ કંપનીનુ કામકાજ આખા દેશમાં ચાલતુ હોય, બોર્ડની મીટીંગમાં ઠરાવ કરી કંપની સેક્રેટરી શ્રી વિવેક એમ. અચવાલને અલગ અલગ સ્થળે કામ કરવાના પાવર અલગ અલગ વ્યકિતને મુખત્યારનામાંથી પાવર આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે. અને તે હેસીયતથી વિવેક એમ. અચવાલે આ કામની ફરીયાદ દાખલ કરનાર નિકુંજ ગામીને મુખત્યારનામુ કરીને કંપનીને નામ. કોર્ટમાં રીપ્રેઝન્ટ કરવાના પાવર આપેલ છે. સદરહુ મુખત્યારનામુ જનરલ છે અને તેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે ફરીયાદી કંપની વતી નામ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા તેમજ તમામ કાર્યવાહી કરવા માટે

મુખત્યારનામુ આપવામાં આવેલ છે. સદરહુ મુખત્યારનામાના છેલ્લા પાના ઉપર " IN WITNESS WHERE OF, I vivek Achwal, S/o Mr. Madhukar Achwal, Company Secretary of the Company duly authorised vide resolutions passed in the meeting of the Board of Directors of the Company held on November 9, 2011 and October 29, 2015 do hereby sign seal and deliver this, Power of Attorney on this 05-11-2019. "દર્શાવવામાં આવેલ છે. તે મુજબ તા.૦૯/૧૧/૨૦૧૧ ના ઠરાવ મુજબ આ કામે રજુ કરેલ મુખત્યારનામુ આપવામાં આવેલ છે. સદરહુ તા.૦૯/૧૧/૨૦૧૧ નો ઠરાવથી સ્પષ્ટ પણે આવા પાવર સબ ડેલીગેટ કરવાના પાવર આપવામાં આવેલ છે. "RESOLVED THAT the Company hereby grant a Power of Attorney in favour of Mr.Vivek M. Achwal, Company Secretary, so as to enable him to attend to various legal matter of the Company and that he be vested thereby with necessary power to appear on behalf of the Company before the Judicial Authorities / Quasi Judicial Authorities/ Regulatory Bodies including the power to delegate his powers to other officials of the company as may be deemed expedient by him and to execute such document and papers as may be necessary or expedient in this regard. ''. આ બાબતે અમો નામ. સુપ્રીમ કોર્ટના નીચે મુજબના સાઈટેશન ઉપર આધાર રાખીએ છીએ.

2023 LiveLaw (SC) 121,

MITA INDIA PVT. LTD. versus MAHENDRA JAIN

Power of Attorney The law is settled that though the general power of attorney holder cannot delegate his powers to another person but the same can be delegated when there is a specific clause permitting sub-delegation.

C) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ નીચે મુજબ છે.

THE NEGOTIABLE INSTRUMENTS ACT, 1881

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts: -Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of

money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may extend to one year, or with fine which may extend to twice the amount of the cheque, or with both:

PROVIDED that nothing contained in this section shall apply unless

(a) The cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier.

(b) The payee or the holder induce course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer, of the cheque, within fifteen days of the receipt of information by him from the bank regarding the return of the cheques as unpaid, and

(c) The drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation: For the purpose of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

સદરહુ કલમ મુજબની મેન્ડેટરી જોગવાયઓ હાલના કામે સંપુર્ણ રીતે આગળ ચર્ચા કર્યા મુજબ સેટીસફાય થતી હોય આ કામના આરોપીએ કલમ–૧૩૮ મુજબનો ગન્હો કરેલ હોય અને તે નામ. કોર્ટમાં સાબીત થાય છે.

D) ભારતીય પુરાવાના કાયદાની કલમ–૫૮ મુજબ જે હકિતની કબુલાત હોય તેને પુરવાર કરવાની જરૂર નથી.

THE INDIAN EVIDENCE ACT, 1872

58. Facts admitted need not be proved: – No fact need to be proved in any proceeding which the parties thereto or their agents agree to admit at the hearing, or which, before the hearing, they agree to admit by any writing under their hands, or which by any rule of pleading in force at the time they are deemed to have admitted by their pleadings:

If the court may, in its discretion, require the facts admitted to be proved otherwise than by such admission.

સદરહુ કલમ મુજબ આરોપીએ આગળ ચર્ચા કર્યા મુજબ લોન, લોન પેટેનુ લેણું, ચેક, ચેકની સહી, વિગેરે હકિકતોનો રીબર્ટલ એવીડેન્સ આરોપી તરફે આપવામાં આવેલ ન હોય, સદરહુ હકિકતો સાબીત માનવા અરજ છે. આમ આ કામના આરોપીએ કલમ–૧૩૮ મુજબનો ગન્હો કરેલ હોય અને તે નામ. કોર્ટમાં સાબીત માનવા અરજ છે. ફરીયાદીએ રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા આરોપીએ ફરીયાદી પાસેથી લોન લીધેલ હોવાની હકિકત સાબિત માનવા અરજ છે. આથી આરોપીની સદરહુ વર્તણુંક ધ્યાને લેવા અરજ છે. તેમજ આરોપી એફ.એસ.ના સ્ટેજે કોઈ મહત્વની તકરાર લેવામાં નીષ્ફળ ગયેલ છે.

E) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ નીચે મુજબ છે. તથા ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૧૪ નીચે મુજબ છે.

THE NEGOTIABLE INSTRUMENTS ACT, 1881

139. Presumption in favour of holder: It shall be presumed, unless the Contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

THE INDIAN EVIDENCE ACT, 1872

114. Court may presume existence of certain facts: The court may presume the existence of any fact which it things likely to have happened regard being had to the common course of natural

events human conduct and public and private business, in their relation to the facts of the particular case.

Illustrations

The Court may presume–

(a)That a man who is in possession of stolen goods soon after the theft is either the theft or has received the goods knowing them to be stolen, unless he can account for his possession;

(b) That an accomplice is unworthy of credit, unless he is corroborated in material particulars;

(c) That a bill of exchange, accepted or endorsed, was accepted or endorsed for good consideration;

(d) That a thing or state of things which has been shown to be in existence within a period shorter than that within which such things or state of things usually cease to exists, is still in existence;

(e) That judicial and official acts have been regularly performed;

(f) That the common course of business has been followed in particular cases;

(g) That evidence which could be and is not produced ould, if produced, be unfavorable to the person who holds it;

(h) That if a man refuses to answer a question which he is ot compelled to answer by law, the answer, if given would be unfavorable to him;

(i) That when a document creating an obligation is in the hands of the obligor, the obligation has been discharged;

સદરહુ કલમ મુજબ આ કામને અનુસંધાને અમારી નમ્ર રજુઆત એવી છે કે, આ કેસ તે ધી નેગો. ઈન્સ્ટ. એકટની કલમ–૧૩૮ મજબનો કોજદારી કેસ છે. કલમ–૧૩૮ નો કેસ અન્ય ફોજદારી કેસો કરતા અલગ છે. અન્ય ફોજદારી કેસોમાં ફરીયાદની હકિકત નિશંક પણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીની હોય છે. જયારે કલમ–૧૩૮ ના કેસમાં ફરીયાદીએ ફકત તેનો કેસ પ્રાયમાફેસી સાબીત કર્યા બાદ નામ. કોર્ટ આરોપી સામે સમન્સ ઈશ્યુ કરે છે અને ત્યાંર બાદ કલમ–૧૩૯ મુજબ ફરીયાદીના કેસની હકિકતોનો રીર્બટલ

પુરાવો આપવાની જવાબદારી આરોપી ઉપર હોય છે. જો આરોપી રીબર્ટલ પુરાવો આપી ફરીયાદીના કેસની હકિકતોથી વિરૂધ્ધનુ પુરવાર કરે તો સદરહુ હકિકત સાબિત કરવાની જવાબદારી બર્ડન ઓફ પ્રુફ ફરીયાદી ઉપર સીફટ થાય છે. આમ આ કામે ફરીયાદની હકિકતોની વિરૂધ્ધનુ પુરવાર કરવાનુ બર્ડન આરોપી પરજ રહેલ માનવા અરજ છે. અને આરોપી ફરીયાદથી વિરૂધ્ધનુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ માનવા અરજ છે. આમ હાલના કામે આરોપી આવો કોઈ રીર્બટલ પુરાવો આવામાં નિષ્ફળ ગયેલ માનવા અરજ છે. આથી બર્ડન ઓફ પ્રુફ સીફટ થયેલ નથી. અને અમો ફરીયાદીનો કેસ સંપુર્ણ પણે સાબિત થયેલ માનવા અરજ છે. અમો આ બાબતે નીચે મુજબના નામ. ગુજરાત હાઈ કોર્ટના ચુકાદા ઉપર આધાર રાખીએ છીએ.

Girishbhai Natvarbhai Patel Vs. State Of Gujarat and Anr.

ઉપરોકત ચુકાદામાં નામ. વડી અદાલતે આ જજમેન્ટ નેગો. એકટની તેમજ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૫૮ તથા કલમ–૧૧૮,૧૩૮,૧૨ ૧૧૪ ઉપર આપેલ છે. આ જજમેન્ટ મુજબ પણ જોવામાં આવે તો નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૧૮,૧૩૯ ની કાયદાકીય સ્થીતી સ્પષ્ટ કરવામાં આવેલ છે અને નોંધવામાં આવેલ છે કે કલમ–૧૧૮ અને ૧૩૯ નુ સ્ટેચ્યુટરી પ્રીઝમશન ફરીયાદીની તરફેણમાં નામ. કોર્ટે કરવાનુ છે અને આ પ્રીઝમશનને આધાર રાખી જો આરોપી ધ્વારા તેનુ સચોટ પુરાવો આપી ખંડન કરવામાં ન આવે તો ત્યારે કલમ–૧૧૮ અને ૧૩૯ નુ ફરીયાદીની તરફેણમાંજ અનુમાન નામ. કોર્ટે કરવાનુ રહેશે અને આ અંગેની જવાબદારી નામ. કોર્ટ પર નાખેલ છે. આમ નામ. વડી અદાલતના જજમેન્ટ મુજબ કલમ–૧૧૮ અને ૧૩૯ નુ પ્રીઝમશન મેન્ડેટરી સ્વરૂપનુ છે એટલે કે ડીસટ્રીશનરી સ્વરૂપનુ નથી અને મેન્ડેટરી પ્રીઝમશનને માત્ર ખુલાસા કરવાથી કે શકયતાઓ દર્શાવવાથી કે ડીનાઈલ લેવાથી દુર કરી શકાય નહી તેવુ નામ. સુપ્રીમ કોર્ટે પણ નોંધેલ છે. હકિકત પુરવાર થયેલ ત્યારે ગણાય કે તેનું અસ્તીત્વ રહેલ હોય, તે સાબિત કરવામાં આવે અથવા નામ. કોર્ટમાં જે મટીરીયલ રેકર્ડ પર રહેલ હોય અને તેના કારણે તેનું અસ્તીત્વ સંભવીત અને યોગ્ય પ્રકારનુ હોવાનુ સામાન્ય માણસ પણ માની શકે, સમજી શકે તેવુ હોવુ જોઈએ ત્યારે કોઈ પણ હકિકત પુરવાર થયેલી ગણાય. આમ કલમ–૧૩૯ નુ સ્ટેચ્યુટરી પ્રીઝમશન મેન્ડેટરી સ્વરૂપનુ છે અને તેને પુરવાર કરવા માટે અગાઉ જણાવ્યુ તે પ્રમાણે પુરવાર કરવામાં આવતી વસ્તુનુ અસ્તીત્વ રેકર્ડ પર મોજુદ હોય, આમ કલમ–૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપી પર નાખવામાં આવેલ છે અને આરોપીએ સચોટ પુરાવો આપી, ચેક દેવા કે જવાબદારી સામે આપવામાં આવેલ નથી તેવુ પુરવાર કરવાનુ રહે છે, તે સીવાયના સંજોગોમાં કલમ–૧૩૯ મુજબ ફરીયાદીની તરફેણમાં માત્ર અનુમાનજ કરવાનુ રહે છે ત્યારે આ કામે આરોપીએ નામ. વડી અદાલતે આ જજમેન્ટમાં

જણાવ્યા મુજબની હકિકત સચોટ પુરાવો આપી કલમ–૧૩૯ ના અનુમાનનુ ખંડન કરેલ નથી.

F) THE GENERAL CLAUSES ACT, 1897

27. Meaning of service by post.–

Where any {Subs.by the A.O.1937 for "Act of the G.G.in C." [Central Act] or Regulation made after the by commencement of this Act authorizes or requires any document to be served by post, whether the expression "serve" or either of the expressions "give" or "send" or any other expression is used. then, unless a different intention appears, the service shall be deemed to be effected by properly addressing, pre–paying and posting by registered post, a letter containing the document, and, unless the contrary is proved, to have been effected at the time at which the letter would be delivered in the ordinary
course of post. ઉપરોકત દલીલ માટે અમો નીચે મુજબના જજમેન્ટ ઉપર આધાર રાખીએ છીએ.

2014 STPL(Web)490 SC.

G) Sub–deligation of power.

આ કામના ફરીયાદી ફાયનાન્સ કંપનીન કામકાજ આખા દેશમાં ચાલતુ હોય, બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગમાં તા. ૦૯/૧૧/૨૦૧૧ ના રોજ ઠરાવ કરી કંપની સેક્રેટરી વિવેક એમ. અચવાલને અલગ અલગ સ્થળે કામ કરવાના પાવર અલગ અલગ વ્યક્તિને મુખત્યારનામાંથી પાવર આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે અને તે હેસીયતથી વિવેક એમ. અચવાલે આ કામની ફરીયાદ દાખલ કરનાર નિકંજ ગામીને મુખત્યારનામ કરીને કંપનીને નામ. કોર્ટમાં રીપ્રેઝન્ટ કરવાના પાવર આપેલ છે. સદરહુ મુખત્યારનામુ જનરલ છે અને તેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે ફરીયાદી કંપની વતી નામ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા તેમજ તમામ કાર્યવાહી કરવા માટે મુખત્યારનામુ આપવામાં આવેલ છે. આમ આ કામની ફરીયાદમાં સહી કરનાર નિકુંજ ગામીને આપવામાં આવેલ પાવર તે પેટા પાવર છે. આરોપીની મુખ્ય તકરાર એવી છે કે આવી રીતે પાવરનુ સબ ડેલીગેશન ન થાય. તેના માટે અમો નામ. સુપ્રીમ કોર્ટના નીચે મુજબના સાઈટેશન ઉપર આધાર રાખીએ છીએ.

2023 LiveLaw (SC) 121, Mita India Pvt. Ltd. V/S Mahendra Jain.

**૬.3** ઉપરોકત તમામ દલીલ તથા મોખીક રજુઆત ધ્યાને લઈ આરોપી સામે ધ નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ–૧૩૮ મુજબનો ગુન્હો સાબિત માની આરોપીને સખ્ત સજા કરવા હુકમ કરવા અરજ છે તેમજ ચેકની રકમથી બમણી રકમનો દંડ કરવા હુકમ કરવા અરજ છે તેમજ દંડની રકમમાંથી અમો ફરીયાદીને વળતર અપાવવા હુકમ કરવા અરજ છે. વિશેષ મોખીક દલીલ તથા જજમેન્ટ રજુ કરવાનો હકક અનામત રાખીએ છીએ.''

ત્યારબાદ મુળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ તરફે નીચે મુજબની ઓથોરીટી રજુ થયેલ છે.

(1) 2023 LiveLaw (SC) 121 MITA INDIA PVT LTD. V/S. MAHENDRA JAIN

(2) 2005 LawSuit(Bpm) 956 g.j.packaging private ltd. v/s. s. s. sales

(3) 2005 LawSuit(Guj) 750 GIRISHBHAI NATVARBHAI PATE, V/S. STATE OF GUJARAT

(4) 2014 STPL(Web) 490 SC, AJEET SEEDS LTD. V/S. K. GOPAL KRISHNAIAH

## (૭) પોઈન્ટસ ફોર ડીટરમીનેશનઃ–

આ કામનું રેકર્ડ, જજમેન્ટ, અપીલ મેમો, આરોપીનાં વિ.વ.શ્રી ની દલીલો, વિ.એ.પી.પી.શ્રીની દલીલો લક્ષમાં લેતા આ અપીલનાં નિર્ણય માટે સી.આર.પી.સી.ની કલમ–૩૮૭ સાથે ૩૫૪(૧)(બી) વંચાણે લેતાં નીચે મુજબનાં પોઈન્ટસ ઊપસ્થિત થાય છે.

**૭.૧)**શું નીચેની અદાલતનું જજમેન્ટ ગેરકાયદેસર, કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત વિરુધ્ધનું અને કાયદા તેમજ હકિકતથી ભુલ ભરેલ છે અને તેમાં હસ્તક્ષેપ કરવો જરુરી છે ?

**૭.૨)**શું ટ્રાયલ અદાલતે મહત્વના દસ્તાવેજની આખરી ગ્રાહયતા નકકી કર્યા સીવાય તે મહત્વના દસ્તાવેજ ઉપર ચુકાદામાં આધાર લીધેલ છે?

**૭.૩)**શું હુકમ ?

## (૮) મુદ્દાનાં જવાબઃ–

૮.૧) ચર્ચા મુજબ ''હકારમાં'

૮.૨) ચર્ચા મુજબ '''હકારમાં''

૮.૩) આખરી હુકમ મુજબ. ''ચર્ચા કર્યા મુજબ ''

## – કારણો –

(૯) **મુદ્દા નં. ૧ –**

**પુરાવાનો કાયદો બે આસ્પેકટને અનુસરે છેઃ–**

A. QUID Probandum એટલે કે, હકિકત સાબીત કરવી,

જયારે બીજો આસ્પેકટ –

B. MODUS Probandi ને અનુસરે છે જે પુરવાર કરવાની રીતને અનુસરે છે.

C. ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુન્ડસ મુજબ ફરીયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરીયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે.

D. વધુમાં કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને "strictly construed" કરવાનું રહે છે. એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Lirtera legis) કરતાં આગળ વધવું જોઈએ નહી.

E. જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે :– કલમ–૬:–આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી:–** આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા,પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા,પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દ્દષ્ટાંત 'સામાન્ય અપવાદો' શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દ્દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી. એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે,કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે.નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરુધ્ધ–ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસસીસી– પાન નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નકકી કરવાનું હોય છે.

## F **Beyond reasonable doubt એટલે શું ?**

F.1 ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબીશકથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબીશકથી પર ગુનેગાર છે.

**Reasonable doubt અંગે વિદવાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :-**

"Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich" જયારે અદાલતને તેની રુબરુ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગ કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**F.2 આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે:-** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice". વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ-વિરુધ્ધ-ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાન - ૫૩૭ ઉપરનાં ચુકાદામાં માં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે,....**1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ.** State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents *[@page537]* Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated. ..."

F.3 આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પીનક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં

સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ. ફરીયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી એટલે કે ભા. પુ. ધારાની ક. ૬૦ માં પડતાં પુરાવાથી કે સીધા પુરાવાનાં અપવાદો એટલે કે રેસ ગેસ્ટેમાં પડતાં સાહેદોનાં પુરાવાથી એટલે કે ભા. પુ. ધારાની ક. ૬ થી ૯ અને ૧૪ માં પડતાં પુરાવાથી કે ભા. પુ. ધારા માં જણાવેલ કલમ–૨૪ મુજબની કબુલાતથી કે ભા. પુ. ધારાની ક. ૩૨ માં પડતાં પુરાવાથી સાબીત કરવાની હોય છે. આમ ઉપરોકત પરિપ્રેક્ષ્યમાં ફરીયાદ પક્ષ નું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૧૦) નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ૧૮૮૨ ની કલમ–૧૩૯ તથા ૧૧૮ ચિત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

**કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :–**

વિરુધ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧ ૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

આમ, કલમ–૧૩૯ નું અનુમાન લક્ષમાં લેતાં વિરુધ્ધનું સાબીત ના થાય ત્યાં સુધી ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે ૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળેલ છે તેવું અનુમાન કરવાનું હોય છે. તેમજ આ તબકકે આ કાયદાની કલમ–૧૧૮ પણ રજુ કરવી જરુરી છે. જે નીચે મુજબ છે.

**કલમ –૧૧૮ વટાવ ખત વિષે માની લેવાની બાબત.**

એથી વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે:–

**અવેજ વિશે.**

(ક) દરેક, વટાઉ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

**તારીખ વિશે.**

(ખ) જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

**સ્વીકારનાર સમય વિશે.**

(ગ) સ્વીકારચેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

**તબદીલીના સમય વિશે.**

(ઘ) કોઈ વટાવ ખતની દરેક તબદીલી તે ખત પાકયાની તારીખ પહેલાં થઈ હતી.

**શેરાઓના ક્રમ વિશે.**

(ચ) કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરો તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

**સ્ટેમ્પ વિશે.**

(છ) ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો......

આમ, આ કલમ મુજબ પણ વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી આ ચેકો અવેજને માટે લખી આપવામાં આવ્યા હતાં તેવું અનુમાન અદાલતે કરવાનું હોય છે. આ કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ માં "Shall presume" તેવા શબ્દો છે અને તે સં જોગોમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૪ ચિત્રમાં આવે છે અને જે નીચે મુજબ છે.

Section-4...........

"Shall presume" - Whenever it is directed by this Act that the Court shall presume a fact, it shall regard such fact as proved, unless and untill it is disproved........"

આમ, આ ભારતીય પુરાવા ધારાની આ અનુમાન ત્યારે જયાં સુધી હકીકત નાસાબીત ના થાય ત્યાં સુધી હકીકત સાબીત થઈ છે તેવું અદાલતે માનવાનું રહે છે.આમ આ કાયદાની કલમ–૧૧૮ અને ૧૩૯ લક્ષમાં લેતાં તથા ફરીયાદીનો પુરાવો લક્ષમાં લેતાં આ ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે આ ચેક અવેજને માટે અને કોઈ દેવા કે જવાબદારી માટે લખી આપવામાં આવ્યા હતા તેનું અનુમાન કરવાનું છે અને જોકે આ અનુમાન ખંડનાત્મક છે.

**(૧૧)** આ તબકકે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ને હવે પછી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તરીકે ઉલ્લેખવામાં આવશે. તેની કલમ–૧૩૮ અત્રે રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

***138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.—***

*Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:*

*Provided that nothing contained in this section shall apply unless—*

*(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;*

*(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and*

*(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.*

*Explanation.—For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.]*

**(૧૨)** આમ, આ કલમ–૧૩૮ ની જોગવાઈઓ મુજબ નીચે મુજબની હકીકત ફરીયાદપક્ષ દવારા પુરવાર કરવી જરુરી છે.

(૧) ચેક લખનાર એટલે કે આરોપી તેમનું ખાતું બેંકમાં ધરાવતા હતા અને તે બેંક ખાતાનો ચેક આરોપીએ ફરીયાદીને લખી આપેલ છે.

(૨) આ ચેક આરોપીએ તેની પોતાની જવાબદારી કે દેવું અદા કરવા માટે આપેલ છે.

(૩) ફરીયાદીએ આ ચેક ચેકની તારીખથી ત્રણ માસના સમયમાં પુરી ''વેલીડીટી પીરીયડમાં રજુ કરેલ છે.''

(૪) આ ચેક અપુરતાં ભંડોળના કારણે વગર વસુલાતે પરત આવેલ છે.

(૫) આ ચેક ભરપાઈ થયા વિના પરત આવતાં ભરપાઈ થયાની જાણ થયાની દિન–૩૦ માં આ કાયદાની કલમ–૧૩૮(બી) મુજબ લેખિતમાં નોટીસ આપીને આ ભરપાઈ થયા વિના પરત થયેલા ચેકની રકમની માંગણી કરી હોવી જોઈએ.

(૬) આ માંગણા નોટીસ આરોપીને મળ્યા બાદ આરોપીએ દિન–૧૫ માં તેના નાણાં ચુકવી આપ્યા નથી.

(૭) ઉપર મુજબના દિન–૧૫ માં નાણાં ચુકવી ના આપ્યા બાદ આરોપીએ ફરીયાદ કરવાનું કારણ આ કાયદાની કલમ–૧૩૮(ક) મુજબ ઉભું થાય તેના એક માસની અંદર ફરીયાદ દાખલ કરેલી છે.

**(૧૩)** આ કાયદાની કલમ–૧૩૮ મુજબ કસુરવાન ઠરાવવા માટે ફરીયાદીએ ઉપરોકત હકીકતો મુજબ સાબીત કરવી પડે છે એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ મુજબ ઉપરોકત મુદ્દાઓ સાબીત કરવાનો સાબીતીનો બોજો ફરીયાદી ઉપર છે. આ તબકકે ભારતીય પુરાવા ધારાની કલમ–૩ કે જે અર્થઘટન અંગેની છે તેની કલમ સાબીત અંગેની અત્રે રજુ કરવી જરુરી છે. જે નીચે મુજબ છે.

> **''સાબિત'' –** એક હકીકત સાબિત થઈ કહેવાય જયારે તેની સમક્ષ પડેલી બાબતો વિચારતા અદાલતે તેનું અસ્તિત્વ છે તેમ માને અથવા તેનું અસ્તિત્વ એટલી હદે સંભવિત માને છે કે એક સમજદાર વ્યકિત જે તે કેસમાં સંજોગો હેઠળ તેવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ છે.

(૧૪) આમ, ક્રિમીનલ જ્યુરીસપ્રુડન્સના સિધ્ધાંત મુજબ તથા એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ પાયાની હકીકત ફરીયાદીએ વ્યાજબી શકથી પર ઉપરોકત હકીકત સાબીત કરવાની હોય છે.

## (૧૫) <u>આરોપી તેનો બચાવ :–</u>

(અ) ફરીયાદપક્ષના પુરાવા થકી કે ફરીયાદપક્ષની ઉલટ તપાસ કરી

(બી) કે સ્વતંત્ર પુરાવાથી સાબીત કરી શકે છે.

## (૧૬) <u>ઉપરોકત બાબતોએ પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>

**૧૬.૧** આ કામમાં જે દસ્તાવેજી પુરાવાઓ અંગે ટ્રાયલ અદાલતે આંક–૬ થી નીચે મુજબનો હુકમ કરેલ છે.

''બાબત : દસ્તાવેજો આંકે પાડવા અંગે.

આ કામના મથાળે જણાવેલ ફરીયાદી તરફે માનસીર અરજ છે કે,

આ કામમાં ફરીયાદીએ આંક–૪ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ છે તેમા રજુ કરેલ દસ્તાવેજો અસલ તથા ખરી નકલો છે, તે તમામ દસ્તાવેજોને ફરીયાદીએ આપેલ સોગંદનામામા રીફર કરવામાં આવેલ છે અને તે ફરીયાદીએ તેમના સોગંદનામાથી સાબીત કરેલ છે તે તમામ દસ્તાવેજો ફરીયાદીની ઉલટ તપાસ શરુ થાય તે પહેલા આંકે પાડવા જરુરી છે. માર્ક–૪/૧ થી માર્ક–૪/૮ ને આં કે પાડવા હુકમ ફરમાવવા અરજ છે.

તે અરજી નીચે ટ્રાયલ કોર્ટે નીચે મુજબનો હુકમ કરેલ છે.

**''રજુ દસ્તાવેજો ધ્યાને લેતા સરકારી, અર્ધ સરકારી કંપની દવારા નિભાવાતુ રેકર્ડ જે ઓફિસ કોપી હોય રજુ દસ્તાવેજોને અનુક્રમે આંક–૩૦ થી ૩૭ પુરવાર કરવાની શરતે આપવામાં આવે છે.''**

**૧૬.૨** આમ ટ્રાયલ અદાલતનો ઉપરોકત હુકમ જોતા ફાઈનલ એડમીશીબીલીટી નકકી કર્યા સીવાય પુરવાર કરવાની શરતે આંક આપવામાં આવેલા છે.

**૧૬.૩** હવે, એ જોવાનું રહે છે કે, ટ્રાયલ અદાલતે ઉપરોકત દસ્તાવેજોની આખરી ગ્રાહયતા નકકી કરેલ છે કે કેમ?

**૧૬.૪** કામમાં ઉપરોકત બાબતે ટ્રાયલ અદાલતે જે આંક–૩૭ આપેલ છે તે ફરીયાદીના જણાવ્યા મુજબ આરોપીનું લોન એકાઉન્ટનું ખાતુ છે અને સરતપાસમાં આ

બાબતે જણાવેલ છે કે, ''આરોપીની લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ માર્ક–૪/૮ થી રજુ છે જે કોમ્પ્યુટર જનરેટેડ કોપી છે.'' ટ્રાયલ અદાલતનો ચુકાદો જોવામાં આવે તો, આંક–૩૭ જે કોમ્પ્યુટરાઈઝડ સ્ટેટમેન્ટ છે તેની એડમીશીબીલીટી કઈ રીતના નકકી કરી છે તેની કોઈ વિગત રેકર્ડમાં કે ચુકાદામાં નથી અને આ આંક–૩૭ કઈ રીતના પુરવાર કરેલ છે તેની પણ કોઈ વિગત ચુકાદામાં નથી અને તેથી ભારતીય પુરાવા ધારાની કલમ–૧૩૬ ચિત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

''**136. Judge to decide as to admissibility of evidence :-**

When either party proposes to give evidence of any fact, the Judge may ask the party proposing to give the evidence in what manner the alleged fact, if proved, would be relevant; and the Judge shall admit the evidence if he thinks that the fact, if proved, would be relevant, and not otherwise. If the fact proposed to be proved is one of which evidence is admissible only upon proof of some other fact, such a last mentioned fact must be proved before evidence is given of the fact first-mentioned, unless the party undertakes to give proof of such fact and the Court is satisfied with such undertaking. If the relevancy of one alleged fact depends upon another alleged fact being first proved, the Judge may, in his discretion, either permit evidence of the first fact to be given before the second fact is proved, or require evidence to be given of the second fact before evidence is given of the first fact.

Illustrations (a) It is proposed to prove a statement about a relevant fact by a person alleged to be dead, which statement is relevant under Section 32. The fact that the person is dead must be proved by the person proposing to prove the statement, before evidence is given of the statement.

(b) It is proposed to prove, by a copy, the contents of a document said to be lost. The fact that the original is lost must be proved by the person proposing to produce the copy, before the copy is produced.

(c) A is accused of receiving stolen property knowing it to have been stolen. It is proposed to prove that he denied the possession of the property. The relevance of the denial depends on theidentity of the property. The Court may, in its discretion, either require the property to be identified before the denial of the possession is proved, or permit the denial of the possession to be proved before the property is identified.

(d) It is proposed to prove a fact (A) which is said to have been the cause or effect of a fact in issue. There are several intermediate facts (B, C and D) which must be shown to exist before the fact (A) can be regarded as the cause or effect of the fact in issue. The Court may either permit A to be proved before B, C or D is proved, or may require proof of B, C and D before permitting proof of A."

આમ, ઉપરોકત કલમ મુજબ અદાલતે કોઈપણ પુરાવો તે મૌખિક હોય કે દસ્તાવેજી સ્વરુપે હોય તો તેની આખરી ગ્રાહયતા ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ જે મૌખિક પુરાવાને લગતી છે અને દસ્તાવેજી પુરાવાને લગતી છે તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી મુજબ જે માની લીધેલ દસ્તાવેજ છે તે બધાની આખરી ગ્રાહયતા નકકી કરવાની હોય છે અને આવી આખરી ગ્રાહયતા નકકી કરતી વખતે બીજા સ્પેશ્યલ કાયદાઓ પણ ધ્યાને લેવાના હોય છે.

**૧૬.૫** આમ, જે કોમ્પ્યુટરાઈઝડ એકાઉન્ટ સ્ટેટમેન્ટ જે આંક–૩૭ થી રજુ છે તે બાબતે ટ્રાયલ અદાલતે તેના ચુકાદાના પેરા–૧૬.૪ માં આધાર રાખી નીચે મુજબની બાબત જણાવેલી છે.

''વધુમાં આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસમાં બચાવ લીધેલો છે કે, ફરીયાદીની નોટિસ કે સોગંદનામામા કેટલા રૂપીયાના હપ્તા હતા અને કેટલા રૂપીયાની લોન હતી તે હકીકત જણાવેલ નથી પરંતુ ફરીયાદપક્ષે આંક–૩૭ થી સમરી ઓફ લોન્સ સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તે ધ્યાને લેતા ફરીયાદીનું આરોપી તરફેનું કાયદેસરની રકમ હતી તે રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ સફળ રહે છે.''

**૧૬.૬** આમ, આ આખરી ગ્રાહયતા ઉપરોકત દસ્તાવેજની ટ્રાયલ અદાલતે નકકી કર્યા વગર તેના ઉપર ચુકાદો આપવા માટે આધાર રાખેલ છે.

**૧૬.૭ ઉપરોકત સંજોગોમાં અને આખો કેસ લોન આરોપીને આપેલી છે અને તેના હપ્તા પેટે એટલે કે, લોનની ચુકવણી પેટે આ ફરીયાદ વાળો ચેક આરોપીએ આપેલ છે** તે સંજોગોમાં ઉપરોકત આંક–૩૭ વાળો દસ્તાવેજ મહત્વનો દસ્તાવેજ છે અને તેની આખરી ગ્રાહયતા ટ્રાયલ અદાલતે નકકી કરવાની હતી અને તે કરેલ નથી અને ટ્રાયલ અદાલત કોઈપણ ચુકાદામાં જે પુરાવો એટલે કે, એવીડન્સ જે મૌખિક હોય કે દસ્તાવેજી હોય કે ઈલેકટ્રોનિકસ રેકર્ડ હોય તેની આખરી ગ્રાહયતા નકકી કર્યા વગર ચુકાદામાં આવા પુરાવાનો આધાર લઈ ન શકે અને **નામ. ગુજરાત વડી અદાલતે ૧૯૬૦ (૦) એ.આઈ.જે.ઈ.એલ.એચ.સી.૨૦૮૦૬૩ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિ. ગાંધી શાંતીલાલ ગીરધરલાલ** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે,

''- law of tort - road accident - two buses belonging to AMC collided - suit for damages decreed - contended that plaintiffs not proved that accident was direct result of rashness or negligence on part of defendant's drivers - also contended wrong admission of medical certificate as an evidence - respondent contended that appellant not raised any objection when certificates were admitted in evidence - value of medical certificate as an evidence - consideration as to mode of proof of a document which is admissible - doctrine of res ipsa loquitur - applicability of - held, plaintiff has to prove negligence - hardship to plaintiff to prove his case is avoided by rule of res ipsa loquitur - master would be liable for damages on principle of vicarious liability as both drivers were servants of same master - medical certificate by itself is not substantive or primary evidence - certificate would have a corroborative value - **objection regarding admissibility of medical certificate in evidence can be raised** even at stage of appeal - objection not as regards the mode of proof - medical certificate wrongly admitted in evidence - appeal allowed."

**૧૬.૮** આમ, ઉપરોકત સંજોગોમાં જયારે મહત્વના દસ્તાવેજની આખરી ગ્રાહયતા ટ્રાયલ અદાલતે નકકી કરી નથી અને અત્રે ચર્ચા કરી તે મુજબ આવી આખરી ગ્રાહયતા ટ્રાયલ અદાલતે ચુકાદા પહેલા કે ચુકાદામાં કરેલ નથી અને તેથી આખરી ગ્રાહયતા નકકી કર્યા સીવાય તેવા પુરાવા ઉપર આધાર રાખી આ ચુકાદો આપેલ છે તે સંજોગોમાં આ દસ્તાવેજની આખરી ગ્રાહયતા નકકી કર્યા બાદ જ તેને ચુકાદામાં વંચાણે લઈ શકાય તેવો ભારતીય પુરાવા ધારાની કલમ-૧૩૬ નો આદેશ છે અને તે સંજોગોમાં આ કેસ ટ્રાયલ કોર્ટમાં રીમાન્ડ કરવો આવશ્યક હોય ઉપરોકત તમામ સંજોગોમાં ટ્રાયલ અદાલતનો ચૂકાદો અયોગ્ય, અન્યાયી અને ગેરકાયદેસરનો હોઈ મુદ્દા નં.૭.૧ અને ૭.૨ નો જવાબ હકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

<u>**હુ ક મ**</u>

(૧) વિવાદી/આરોપીની અપીલ મંજુર કરવામાં આવે છે.

(૨) વિદવાન બીજા એડી. ચીફ જયુ.મેજી.શ્રી, જુનાગઢનાએ ક્રિમીનલ કેસ નં. ૩૪૧૨/૨૦૨૨ માં આરોપી શોએબભાઈ હાસમભાઈ જાગા, રહે. માંગરોળનાઓને ક્રિ. પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૨૫૫(૨) અન્વયે એન.આઈ. એકટની કલમ-૧૩૮ મુજબના

ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો અને વળતર ચુકવવાનો હુકમ **રદ** કરવામાં આવે છે અને આ કેસ **રીમાન્ડ** કરવામાં આવે છે અને આ કેસ, ઉપરોકત **પેરા–૧૬.૭** અને **૧૬.૮** માં કરેલ ચર્ચા મુજબ રીમાન્ડ કરવામાં આવે છે અને ઉપર જણાવેલ કારણોસર નવેસરથી ચલાવવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી જે બચાવ કરવા માગે તો ન્યાયીક રીતે આરોપીને બચાવની વ્યાજબી તક આપવાનો હુકમ ટ્રાયલ અદાલતને કરવામાં આવે છે તેમજ ફરીયાદી કોઈ પુરાવો રજુ કરવા માગતા હોય તો ફરીયાદીને પણ ટ્રાયલ અદાલતે યોગ્ય ન્યાયીક તક આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ફરીયાદી તથા આરોપીએ ટ્રાયલ અદાલતમાં તા. ૧૬/૦૫/૨૦૨૬ ના રોજ હાજર રહેવું અને ત્યારબાદ ટ્રાયલ અદાલતે મુદત નકકી કરી આ કેસનો નિકાલ રોજબરોજ ધોરણે ચલાવી ૪ (ચાર) મહીનામાં પુરો કરવો.

(૪) આ અપીલ સામે કોઈ લીટીગેશન નામ. વડી અદાલતમાં થાય તો ત્યાં હાજર રહેવા માટે આરોપીએ રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જાત જામીન તથા સધ્ધર જામીન રજુ કરવાનો આદેશ કરવામાં આવે છે

(૫) ફરીયાદી અને આરોપીએ તા. ૧૬–૦૫–૨૦૨૬ ના રોજ ટ્રાયલ અદાલત સમક્ષ હાજર રહેવાનો આદેશ કરવામાં આવે છે.

(૬) આ હુકમની જાણ ટ્રાયલ અદાલતને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આર. એન્ડ પી. નીચેની અદાલતને મોકલી આપવું.

હુકમ:– આજરોજ તારીખ–૧૧મી, માહે. મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૫/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
**સેશન્સ જજ,**
**ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.**
**(કોડ નં. જી.જે૦૦૪૬૯)**